# આંક ૦૧ લગત હુકમ:–

મજકુર કામે તપાસ કરનાર અમલદારે આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી), ૮૫(૧)(૩) તેમજ બી.પી. એકટ કલમ ૧૧૦ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. આરોપી હાજર થતાં તેઓને ચાર્જશીટની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. આરોપી તરફે આંક– થી ગુન્હાની કબુલાત કરતાં પુરસીશ રજુ કરે છે. આરોપીને પુછતાં તેઓએ ઈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

ઉપરોકત હકીકતે સૌ પ્રથમ સજાની જોગવાઈ જોતાં પ્રોહી એકટની કલમ ૮૫(૧)(૩) માં ઓછામાં ઓછી ૧ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવે છે. પરંતુ જયારે આરોપી ગુન્હાની કબુલાત કરતા હોય તેવા સંજોગોમાં આરોપી સામેની ફરીયાદમાં જણાવેલ આક્ષેપોને ધ્યાને લેવાના હોય છે. આ કામે સમગ્ર ફરીયાદ જોતાં અને ફરીયાદી સાથેના તમામ સાહેદોના નિવેદનો જોતાં આરોપીએ જાહેરમાં દારૂની છાકટો બની વર્તન કરેલ હોય કે તેની માલમિલકતને કોઈ નુકશાન પહોંચાડેલ હોય અથવા તો કોઈ નિર્લજ વર્તન કરેલ હોય અથવા તો સામાન્ય સંજોગોમાં કોઈ વ્યકિત કૃત્ય ન કરે તેવું અસભ્ય વર્તન કરેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદ કે સમગ્ર સાહેદોના નિવેદનમાં જણાતી નથી. આમ, પ્રથમદર્શનીય રીતે આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૮૫(૧)(૩) નો ગુન્હો ફલિત થતો નથી.

જયાં સુધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) નો સવાલ છે તે જોતાં આરોપીની કબુલાત સાથે સાથે તેની સામાજીક અને કૌટુંબિક જવાબદારીને ધ્યાને લેતાં અને આરોપી પોતાના કૃત્ય બદલ પસ્તાવો વ્યકત કરતાં હોય તે સંજોગોને ધ્યાને લેતાં તેમજ **<u>નામદાર વડી અદાલતના નટવર હરચન વિરુધ્ધ સ્ટેટ</u>** ના ચૂકાદાને ધ્યાને લેતાં કાયદામાં ફરમાવેલ સજા કરતાં પણ કોર્ટ યોગ્ય ઓછી સજા અને કેસના પરિબળોને ધ્યાને લેતાં કરી શકે છે. તે તમામ હકીકતોને લક્ષમાં લેતા હાથ પરના કિસ્સામાં પણ આરોપીની સામાજીક, આર્થિક પરિસ્થિતિ અને તેઓના ગુન્હા બદલ પસ્તાવાની હકીકત ધ્યાને લેતાં તેવી કાયદામાં ફરમાવેલ સજા કરતાં ઓછી સજા કરવા માટે આ યોગ્ય કિસ્સો જણાય છે. આરોપી પોતે ગરીબ વર્ગનો છે, મજુરીયાત વર્ગનો છે અને કાયદાની અજ્ઞાનતાને કારણે તેનાથી ઉપરોકત ગુનાહીત

કૃત્ય થયેલાનું કબુલાત પસ્તાવો વ્યકત કરતો હોય તેવા તમામ સંજોગો ધ્યાને લેતાં ઉપર ચર્ચા કર્યા મુજબ  હાથ પરના કિસ્સામાં આરોપીને નામદાર વડી અદાલતમાં ઉપરોકત ચૂકાદામાં ફરમાવેલ માર્ગદર્શક સિધ્ધાંતોનો લાભ આપવો ઉચિત કિસ્સો જણાતો હોય. આરોપીની ગુન્હાની કબુલાત પુરસીશ રેકર્ડ કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧)  આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એટકની કલમ ૬૬(૧)(બી), ૮૫(૧)(૩) તથા બી.પી.એકટની કલમ ૧૧૦ મુજબ તકસીરવાન ઠરાવી રુા.૫૦૦/–(અંકે રુપિયા પાંચસો પુરા)નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ પાંચ દિવસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)  મુદ્દામાલ બાબતે અગાઉ કોઈ હુકમ કરેલ હોય તો તેને કાયમ કરવાનો તેમજ નોનવેરીયેબલ મુદ્દામાલ હોય તો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩–૭–૨૦૧૯ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી  જાહેર કર્યો.

અમદાવાદ.<br>
તા.૧૩–૭–૨૦૧૯

(એમ. એ. મિરઝા)<br>
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>
કોર્ટ નં.૧, અમદાવાદ.<br>
(GJ00713)